અપીલ અરજી નં.૧૯ તા.૧૨–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ની તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૯/૨૦૧૦–૧૧

શ્રી પીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા ની તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી બાબતે મુદ્દા નં.૩ અને ૧૦ ની નહીં મળેલ માહિતીથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૨ તા.૨૨–૪–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને તેમજ અરજદારને અપીલ અરજીમાં કયા જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ તે વિગતો તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી તેમના તા.૩૦–૪–૧૦ ના પત્ર સાથે ફી ભર્યાની રસીદની નકલ, મુળ અરજીની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૩૯ તા.૩૧–૩–૧૦ નો અરજદારને આપેલી માહિતીનો પત્રની નકલ, ટીડીઓ/૨૦ તા.૧–૪–૧૦ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૯૧ તા.૨૫–૩–૧૦ ના પત્રથી અરજદારને આપેલ માહિતીની નકલ, નં.એન.ઝેડ/આ.નં.૮૯૩૧ તા.૨૯–૩–૧૦ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ, વેસ્ટઝોન/આરટીઆઈસે/આ.નં.૮૧૭ તા.૨૦–૩–૧૦ થી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નં.સા.ઝોન/ટેક./૧૫૯ તા.૨૨–૩–૧૦ થી અરજદારને આપેલી માહિતી પત્રની નકલ, પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/ટેક/૧૮૯૩ તા.૩૦–૩–૧૦ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./આ.નં.૨૪૩ તા.૩–૫–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પાઠવેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૨૦૭ તા.૮–૪–૧૦ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૩–૩–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) વેસ્ટન પ્લાઝા કોમ્પલેક્ષ , ભુલકાભવન સ્કુલની બાજુમાં આવેલ મિલ્કતનો પ્લાન પાસ ની કોપી આપવી. (૨) સીલ્વર સ્પ્રીગ કોમ્પલેક્ષ શ્રી રામ પેટ્રોલપંપની સામે આનંદ મહલ રોડની પ્લાન્ટ પાસની કોપી. (૩) નવજીવન મોટર્સ ઉધનાઝોન ઓફિસ પાસે, દેવચંદ્રનગર ઉધનાની પ્લાન્ટ પાસની કોપી. (૪) ઉધનાઝોન ઓફિસની બાજુમાં આવેલ નવજીવન વર્કશોપ નામથી ચાલતું વર્કશોપનું પ્લાન પાસની કોપી આપવી. (૫) સુરત મ્યુનીસીપલ ધ્વારા લેવાતો આજીવન રોડ ટેક્ષ (ગાડી પર) જાન્યુ.૨૦૦૯ થી માર્ચ–૦૯ ની ડીટેલ આપવી. કેટલો વસુલ કર્યો કયા કયા વ્હીકલ પર કયો અને દરેક ટેક્ષની ડીટેલ ઈન્ડીવિજયલ આપવી. (૬) રસીકભાઈ ટેલર વેસ્ટઝોન ઈજનેર ધ્વારા આજ દિન સુધીમાં તાડવાડી ઝોનમાં આવ્યા બાદ પાસ કરેલ (મંજુર કરેલ) પ્લાનની વિગત અને કેટલા પ્લાનને બીયુસી આપવામાં આવેલ છે. (૭) હાલમાં એસએમસી ધ્વારા કઈ કઈ જગ્યા પર રોડનું કામ ચાલે છે અને એના બનાવવાનો કોન્ટ્રાકટ કોને આપવામાં આવેલ છે. (૮) આંજણા ફાર્મ ટીપી નં.૭ ફા.પ્લોટ નં.૯૬,૯૭ ના ઈ.સ. ૧૯૮૦ પછી પ્લાન પાસની કોપી અને હાલમાં આ જગ્યા મિલ્કતની માલીકી કોની છે અને આ જગ્યા પર પાસ થયેલ દરેક પ્લાન્ટ ની કોપી આપવી. (૯) રાંદેરઝોન ધ્વારા ૨૦૦૯–૧૦ ના વર્ષ દરમ્યાન ગેરકાયદેસર બાંધકામ વિરુધ્ધ કેટલી નોટીસ આપવામાં આવેલ છે તેની માહિતી આપવી. (૧૦) પાલનપુર પાટીયા વૈભવ સોસા.ની બહાર મેઈન રોડ પર આવેલ ડીવાઈડરનું કામ અધુરું રાખવામાં આવેલ છે તે અંગેની વિગત આપવી. (વૈભવ સોસા.ની બાજુમાં બીએસએનએલ કચેરીથી પાલનપુર મેઈન ગામ સુધી બાકી ડીવાઈડર). આમ અરજદાર તરફથી મુદ્દા નં.૧ થી ૧૦ થી માહિતી માંગતી અરજી રાંદેરઝોનને કરવામાં આવેલ . જે રાંદેરઝોન જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોન જાહેર માહિતી અધિકારી તથા કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી (તમામઝોન)ને ,નગર નિયોજકશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ, મ. જાહેર માહિતી અધિકારી આરડીડી અને જાહેર માહિતી અધિકારી એડીશનલ સીટી ઈજનેરને પત્ર નં. આરટીઆઈ વેસ્ટઝોન/૭૫૯ તા.૫–૩–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. તથા વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૧૭ તા.૨૦–૩–૧૦ થી મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને મુદ્દા નં.૧ અને ૨ માટે તબદીલ કરવામાં આવેલ.જેના અનુસંધાને ડે.કમિશ્નર(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૨૦ તા.૧–૪–૧૦ થી મુદ્દા નં.૧,૨ અને ૮ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક.૧૫૯ તા.૨૨–૩–૧૦ થી મુદ્દા નં.૪, તેમજ પત્ર નં.સા.ઝોન/ટેક/૨૦૭ તા.૮–૪–૧૦ થી મુદ્દા નં.૩ ની માહિતી આપવામાં આવેલ છે. ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૩૯ તા.૩૧–૩–૧૦ થી મુદ્દા નં.૬ અને ૯ ની માહિતી આપવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૭

અંગે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૮૯૩ તા.૩૦–૩–૧૦ થી,ડે.કમિશનર(પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામ તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૯૩૧ તા.૨૯–૩–૧૦ થી , કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૯૯૧ તા.૨૫–૩–૧૦ થી, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૫૪ તા.૧૬–૪–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જે પૈકી અરજદારે મુદ્દા નં.૩ અને ૧૦ ની માહિતી નહીં મળ્યાનું જણાવી તા.૧૨–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૩ અંગે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૨૦૭ તા.૮–૪–૧૦ થી " નવજીવન મોટર્સ ઉધનાઝોન ઓફિસ પાસેની મિલ્કત મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી ટીપી નં.૧ ફા.પ્લોટ નં.૧૧૮ ખાતે મંજુર કરવામાં આવેલ છે તથા દેવચંદનગર ઉધના સોસા. મંજુરી અંગે કચેરીએ રેકર્ડ ઉપલબ્ધ નથી. ઉધના ઓફિસની બાજુમાં આવેલ નવજીવન વર્કશોપ નામથી ચાલતું નામનું વર્કશોપની મંજુરી ઉધનાઝોન કચેરીએથી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૩ થી દર્શાવેલ મિલ્કતના પ્લાન પાસની નકલ માટે જરૂરી ફી ભરવાથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. પરંતુ આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ નિયત દસ્તાવેજ ફી ની રકમની વિગત જણાવેલ નથી. જે નિયમ–૩(૩) હેઠળ ફોર્મ 'ખ' માં પૂરી પાડવાની રહે. આમ મુદ્દા નં.૩ ની માહિતી આપવા જાહેર માહિતી અધિકારીએ તૈયારી દર્શાવેલ છે પરંતુ ફીની રકમ જણાવેલ નથી. જયારે મુદ્દા નં.૧૦ અંગે રાંદેરઝોન તરફથી કોઈ માહિતી આપવામાં આવેલ જણાતી નથી. કે તે અંગે અન્ય જાહેર માહિતી અધિકારીને તેટલા મુદ્દા પરત્વે તબદીલ થયેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી આર.ડી.ડી. ને વેસ્ટઝોન ખાતેથી તબદીલ થયેલ છે પરંતુ તે કક્ષાએથી પ્રત્યુત્તર કે માહિતી પાઠવેલ કોઈ વિગતો રજુ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૩–૩–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ અંગે કાયદાની કલમ–૭(૩) સાથે નિયમ–૫ અને નિયમ–૩(૩) હેઠળ નિયત દસ્તાવેજ ફી ની વિગત દિન–૭ માં અરજદારને જણાવવા તથા અરજદાર તરફથી ફી ભરપાઈ થયે માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ઉધનાઝોનને તથા મુદ્દા નં.૧૦ અંગે જો આર.ડી.ડી. ના કાર્યક્ષેત્રમાં આવતું હોય તો દિન–૭ માં અત્રેની જાણ હેઠળ કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને માહિતી પૂરી પાડવા અન્યથા લાગત જાહેર માહિતી અધિકારીનેદિન–૭ માં તબદીલ કરવા જાહેર માહિતી અધિકારી આર.ડી.ડી. અને સીટી ઈજનેર તથા જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન
....જાણ તથા અમલ માટે

(૨) શ્રીપીંકલ પ્રફુલચંદ્ર ઘીવાલા